Shiva

On the white summit of eternity
A single Soul of bare infinities,
Guarded he keeps by a fire-screen of peace
His mystic loneliness of nude ecstasy.
But, touched by an immense delight to be,
He looks across unending depths and sees
Musing amid the inconscient silences
The Mighty Mother's dumb felicity.

Half now awake she rises to his glance;
Then, moved to circling by her heart-beats' will,
The rhythmic worlds describe that passion-dance.
Life springs in her and Mind is born; her face
She lifts to Him who is Herself, until
The Spirit leaps into the Spirit's embrace.

16-9-1939 - Sri Aurobindo

શિવ

મહા ધવલ શૃંગ પે પરમ શાશ્વતીના ત્યહીં
વસંત બસ આત્મ એકલ નર્યા જ આનંત્યનો,
અને નિજ અનન્યતા અગમ, નગ્ન આનંદની,
સુસાવધ, પ્રશાંતિના અગન-પટ્ટથી રક્ષતો.

અહો, પણ સ્ફુરંત કો પરમ મોદ નૈજાત્મ્યનો,
રહે નિરખી એ અનંત અવકાશ વીંધી નીચે,
અને લહત ત્યાં અચિત્ અરવતા વિષે ધ્યાયતી
વિરાટ જગદંબનો શબદહીન આનંદ ત્યાં.

ઝીલી દૃગ-પ્રપાત એ અરધ-જાગૃતા ઊઠતી,
અને જગત એહના હૃદય-સ્પંદ-સંકલ્પથી
ચઢ્યાં ભ્રમણમાં રચે પરમ રાગનાં નર્તન.
સ્ફુરે ધબક પ્રાણ કેરી, મન જન્મતું એહમાં,

રહે નિરખી એ ત્યહીં જ શિવ-રૂપ પોતાનું જે,
અને ઉછળી આત્મ આત્મતણી હા ભુજામાં ઢળે.

૧૬-૯-૧૯૩૯ શ્રી અરવિન્દ

અનુ. સુન્દરમ્

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● September 2022
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2022
SEPTEMBER
૧ સપ્ટેમ્બર, ૨૦૨૨

– Thy New Humanity –
– તારી નવી માનવજાતિ –



Sri Aurobindo is always with us, enlightening, guiding, protecting. We must answer to his grace by a perfect faithfulness.

With my blessings
14 August 1954 - The Mother

શ્રી અરવિન્દ હમેશાં આપણી સાથે છે, આપણને પ્રકાશ આપતા, દોરતા, રક્ષણ કરતા. એમની કૃપાને આપણે એક સંપૂર્ણ વફાદારીથી પ્રત્યુત્તર આપવો જોઈએ.

મારા આશીર્વાદ સાથે
૧૪ ઑગસ્ટ ૧૯૫૪ - શ્રી માતાજી

– THY NEW HUMANITY –

THOU art all love, O Lord, and Thy love shines resplendently in the depths of every thought and every heart. Accomplish Thy work of transfiguration: illumine us. Open the still closed doors, widen the horizon, establish strength, unify our beings and make us participate in Thy divine beatitude that we may be able to make all men share in it. Grant that we may conquer the last obstacles, inner and outer, overcome the final difficulties. An ardent and sincere prayer has never risen in vain to Thee; always in Thy munificence Thou answerest every call and Thy mercy is infinite.

O divine Master, let Thy light fall into this chaos and bring forth from it a new world. Accomplish what is now in preparation and create a new humanity which may be the perfect expression of Thy new and sublime Law.

Nothing will stop our impetus; nothing will tire our effort; and, resting upon Thee all our hopes and all our activities, strong in our complete surrender to Thy Supreme Will, we shall march on to the conquest of Thy integral manifestation with the calm certitude of victory over all that would oppose it.

Hail to Thee, Master of the world, who triumphest over all darkness.

– The Mother

Prayers and Meditations
22 July 1914

– તારી નવી માનવજાતિ –

તું પૂર્ણ પ્રેમસ્વરૂપ છો, હે પ્રભુ ! અને તારો પ્રેમ માનવમાત્રના ચિત્તનાં અને હૃદયનાં ઊંડાણોમાં ઝળહળી રહ્યો છે. તારું રૂપાંતરનું કાર્ય, પ્રભુ, સિદ્ધ કરી લો, અમને પ્રકાશિત કરો. હજીયે બંધ રહેલાં બારણાંને ખોલી દો, ક્ષિતિજને વિશાળ કરી દો, શક્તિની સ્થાપના કરો. અમોને ઐક્યમાં મૂકી આપો, અમોને તારા દિવ્ય આનંદનાં ભાગી બનાવો, કે જેથી સર્વ કોઈને એ આનંદનાં ભાગી થવામાં અમે સહાય કરીએ. છેલ્લામાં છેલ્લાં વિઘ્નોને, આંતર તથા બાહ્ય બંને રીતનાં વિઘ્નોને અમે જીતી લઈએ, આખરમાં આખરની મુસીબતોને અમે ઓળંગી જઈએ. તારા પ્રતિ પાઠવાયેલી કોઈ પણ સાચી અને આર્દ્ર પ્રાર્થના કદીયે વ્યર્થ ગઈ નથી. તારી પરમ સમૃદ્ધિમાંથી, પ્રભુ, તું પ્રત્યેક પુકારને જવાબ વાળતો રહે છે. તારી કરુણા અપરંપાર છે.

હે દિવ્ય ગુરો ! તારો પ્રકાશ આ અંધાધૂંધી ઉપર ઊતરી આવો, અને આમાંથી એક નવું જગત જન્મ પામો. અત્યારે જે રચાઈ રહ્યું છે તે સિદ્ધ બનો, એક નવી માનવજાતિ જન્મ પામો, અને એ માનવજાતિ તારા નૂતન દિવ્ય શાસનનું પૂર્ણ પ્રતિબિંબ બની રહો.

અમારા ઉત્સાહને રોકે તેવી કોઈ ચીજ જગતમાં નથી, અમારા પ્રયત્નોને હંફાવે એવી કોઈ ચીજ જગતમાં નથી. અમારી સકલ આશાઓ અને અમારી સર્વ પ્રવૃત્તિઓને અમે તારાં ચરણોમાં મૂકી દીધી છે. તારી પરમ ઈચ્છાને અમારું પૂર્ણ સમર્પણ કરીને અમે બલવાન બન્યા છીએ. તારા પૂર્ણ આવિર્ભાવનો વિજય સિદ્ધ કરવા માટે અમે હવે આગેકૂચ આદરીશું. એ આવિર્ભાવનો વિરોધ કરતી હરેક વસ્તુ પર અમે વિજય પામીશું એવો અમને પ્રશાંત વિશ્વાસ છે.

તને અમારા નમસ્કાર છે, હે જગતના સ્વામી, અંધકારમાત્ર ઉપર તારો વિજય જ હોય છે.

– શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૨૨ જુલાઈ ૧૯૧૪